# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૯ વ્યકિતઓને ઝડપી, ૨૩૨ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૯૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યકિતઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યકિતઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૫૦/૨૦૨૫**

**આનંદનગરઃ** અનિલકુમાર મુળજીભાઈ ઠક્કર (ઉ.વ.૬૩)(રહે.કિર્તીસાગર એપાર્ટમેન્ટ, પ્રેરણાતીર્થ જૈન દેરાસર રોડ, જોધપુર ગામ સેટેલાઈટ) એ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અનિલકુમાર ઠક્કરને સને ૨૦૧૦ સાલમાં દેવાંગ રાજુભાઈ ભદ્રેશા (રહે.પંચધારા પ્લાઝા ઓસિયન પાર્ક પાછળ, વેલ્યુઝ મોલની બાજુમાં નહેરૂનગર) સંપર્કમાં આવ્યા હતા અને મિત્રતા થઈ હતી. ત્યારબાદ તેઓએ અનિલકુમાર ઠક્કરના નામે ક્રેડીટ કાર્ડ લેવાનું જણાવતા સને ૨૦૧૭ થી ૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન દેવાંગ ભદ્રેશાએ અનિલકુમાર ઠક્કરના નામે દસ ક્રેડીટ કાર્ડ લઈ તેનો ઉપયોગ કરતા અને ક્રેડીટ કાર્ડ દ્વારા વ્યવહાર કરેલ નાણાં બેન્કમાં ભરપાઈ કરતા હતા. ત્યારબાદ સને ૨૦૨૪ થી રૂપિયા ૩૯,૮૧,૫૦૦/- વ્યવહાર કરી બેન્કમાં નાણાં ભરપાઈ નહી કરી અનિલકુમાર ઠક્કર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.આર.ચાંદુ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૫૧/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** સતિષગીરી સ/ઓ સુરેશગીરી ગૌસ્વામી (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, એસ.આર.પી. કેમ્પની બાજુમાં કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૫ કલાક ૧/૧૫ થી કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીની વસ્તુઓ, પંચધાતુની મુર્તીઓ, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૬,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૬૫૨/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** મધુસુદન છોટાલાલ પટેલ (ઉ.વ.૭૫)(રહે.નીરાંતપાર્ક સોસાયટી, વિભાગ-૦૧ સન એન્ડ સ્ટેપ કલબ સામે થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૫ રાતના ૩/૩૦ વાગ્યાના સુમારે ત્રણ પુરૂષ મધુસુદન પટેલના ઘરમાં પ્રવેશ કરી ચપ્પુ બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી તિજોરી ખોલાવી તિજોરીમાંથી (૧)ડાયમંડ જડેલી ચાંદીની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૨)સોનાની બુટ્ટી નંગ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩)અમેરીકન કંપનીની કાંડા ઘડીયાળ નંગ-૩ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૪) મોતીની માળા કિમત રૂપિયા ૧૦૦/- (૫) ઈમીટેશન જ્વેલરીનો હારનો સેટ કિંમત રૂપિયા ૧૦૦૦/- અને (૬) રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૧૦૦/- કઢાવી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૫૩/૨૦૨૫**

**વટવા જીઆઇડીસીઃ** નીતીનભાઇ રમતુભાઇ પનારા (ઉ.વ.૫૫)(રહે.અંબે માતાના મંદીર પાસે, નવાપરા ધંધુકા તા–ધંધુકા જી–અમદાવાદ) તા.૦૨/૦૫/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ–૪ જયહિંદ કેમીકલ કંપનીમા કામ કરતા હતા ત્યારે કોઇ કારણસર કંપનીમાં આગ લાગતા, નીતીનભાઇ પનારા દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સનરાઇઝ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગૌતમભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૫૪/૨૦૨૫**

**કાલુપુરઃ** કાલુપુર ધનાસુથારની પોળ દેરાવાળી પોળ ખાતે સંબંધીના ઘરે આવેલ ખુશ્બુ ડો/ઓ ગણેશ સીતારામ કાલગુડે (ઉ.વ.૧૮)(રહે.પ્લોટ નંબર–૫, દિપકનગર સોસાયટી, કૈલાષ ચોકડી પાસે, પાંડેસરા બામરોલી રોડ સુરત) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર સંબંધીના ઘરે છતમાં હિંચકાના કડા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.સીંઘી ચલાવે છે.

**શહેરકોટડાઃ** મેહુલકુમાર ગણપતભાઇ મકવાણા (ઉ.વ.૪૦)(રહે,બંસીની ચાલી, ઘંટીવાળી લાઇન, અશોકમીલ સામે, નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

**પાલડીઃ** મુજફરહુસેન અબ્દુલરહીમ શેખ (ઉ.વ.૫૨)(રહે.અલહમ–૨ મસ્જીદ ગલી નંબર–૨ હિમાલીયા રોડ બેરલ માર્કેટ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પાલડી ચંદ્રનગર ચાર રસ્તા પાસે “ચામુંડા પાન પાર્લર” સામે પોતાની રીક્ષામાં બેસી ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૫/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેશંગભાઇ ચલાવે છે.

**રામોલઃ** આશાબહેન વા/ઓ હેમંતકુમાર કોષ્ટી (ઉ.વ.૫૫)(રહે.પુષ્પવિહાર સોસાયટી રામોલ તલાવડી સામે અદાણી સર્કલ પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી